સંદેશ

Date: 25 March, 2018 Page # 21 (City Life)

**Motivational Talk**

'સંદેશ'નાં સહયોગથી IITRAM યુનિવર્સિટી ખાતે TEDxનું આયોજન કરવામાં આવ્યું

# TEDxમાં વિવિધ વિષયો પર ઇન્સ્પિરેશનલ, એન્ટરટેઈનિંગ અને ઈનોવેટિવ ટૉક કરવામાં આવી

'સંદેશ'નાં સહયોગથી સિટીની IITRAM યુનિવર્સિટી ખાતે TEDxનું આયોજન કરવામાં આવ્યું. આ ઈવેન્ટની થીમ બિગ ઈન ધ સ્મોલ રાખવામાં આવી હતી જેમાં એવા સ્પીકર્સને ઈન્વાઈટ કરવામાં આવ્યા હતા જેમણે નાના પાયા પરથી પોતાની જર્નીની શરૂઆત કરી હતી અને હાલ પોતાના કામને લીધે આગવી ઓળખ ધરાવે છે. આ ઈવેન્ટમાં ડૉ. જગદીશ ચતુર્વેદી, ગૌરાંગ દાસ પ્રભુ, ઉદયભાઈ જાદવ, અદિતિ રાવલ, સુધાંશુ કૌશિક, પુલકિત ગૌર અને અનંગ મિસ્ત્રીએ પોતાની જર્ની વિશે વાત શેર કરી હતી.



## તમે શું બોલો છો તે ઈમ્પોર્ટન્ટ નથી, તમે કેવી રીતે બોલો છો તે ઈમ્પોર્ટન્ટ છે

ડૉ. જગદીશ ચતુર્વેદી એક જાણીતા ઇ.એન.ટી. સર્જનની સાથે ઓથર, ઈન્વેન્ટર અને સ્ટેન્ડ અપ કોમેડિયન પણ છે તેમણે પોતાના કરિયરમાં ઘણાં ફેલિયર્સને ફેસ કર્યા છે અને તે ફેલિયર્સમાંથી શીખીને જ તેઓ સક્સેસફૂલ આંત્રપ્રિન્યોર બની શક્યા છે. આ લેક્ચરમાં તેમણે પોતાની જર્ની વિશે વાત કરતા કહ્યું હતું કે 'મેં અત્યાર સુધી જે પણ કામ કર્યું તે ધીમે ધીમે પોતાની રીતે સફળ થતું ગયું. મારી આસપાસની ઘટનાઓથી હંમેશા પ્રેરિત થતો આવ્યો છું અને તેમાંથી જ ઘણું શીખવા મળ્યું છે. મને જે પણ લોકોએ મારી નિષ્ફળતા વિશે વાત કરી છે તેમાંથી હું હંમેશાં કંઈક શીખ્યો જ છું. તેમાંથી એ બાબત શીખ્યો છું કે આપણે શું કહીએ છીએ તે બાબત મહત્ત્વની નથી હોતી તે વાત આપણે કેવી રીતે કહીએ છીએ તે મહત્ત્વનું થઈ જાય છે.'

- જગદીશ ચતુર્વેદી, સર્જન, સ્ટેન્ડ-અપ કોમેડિયન

## કોઈ પણ ચેન્જ ક્યારેય તુરંત નથી થતો તેને સમય લાગે



સ્પિરિચ્યુઅલ લિડર તરીકે વિશ્વફલક પર નામના મેળવનાર ગૌરાંગ દાસ પ્રભુએ TEDxમાં પોતાનાં વક્તવ્યમાં વિવિધ ઉદાહરણો આપીને સ્ટુડન્ટ્સને ઈન્સ્પાયર કર્યા હતા. તેમણે ન્યૂયોર્કમાં સ્થિત રોબ્લિંગ બ્રિજ કેવી રીતે બન્યો તેની ઇન્સ્પિરેશનલ સ્ટોરી જણાવી હતી જેમાં જ્હોન રોબ્લિંગ બ્રિજનું કામ અધૂરું મૂકીને મૃત્યુ પામ્યા હતા અને તે કામને કેવી રીતે તેમના પુત્રએ હાથમાં લીધું અને તે દરમિયાન તેમનો પુત્ર પેરાલિસિસનો શિકાર બન્યો હોવા છતાં પોતાની વાઈફની મદદથી ૧૯૮૩માં જ્હોન રોબ્લિંગ બ્રિજ તૈયાર કર્યો. આ પરથી તેમણે જણાવ્યું કે દરેક વ્યક્તિ પાસે બદલાવ લાવવાની એપોર્ચ્યુનિટી હોય જ છે બસ એ તક ઝડપી પાડવી પડે અને બદલાવ ક્યારેય તુરંત નથી આવતો બદલાવ હંમેશાં સમય માગી લે છે.

- ગૌરાંગ દાસ પ્રભુ, સ્પિરિચ્યુઅલ લીડર

## દરેક પેસેન્જર તેની સવારીના નહીં પણ તેના પછીના પેસેન્જરના પૈસા આપે છે



અમદાવાદનો રિક્ષા વાળો તરીકે પોતાની આગવી ઓળખ ધરાવતા ઉદયભાઈ જાદવે ૨૦૧૦થી રિક્ષા ચલાવવાનું શરૂ કર્યું હતું અને તેમની રિક્ષા ચલાવવા પાછળનો ઉદ્દેશ પૈસા કમાવવાનો નહીં પણ લોકોનો પ્રેમ કમાવવાનો હતો. આજે ઉદયભાઈનાં ઇન્ટરનેશલ ફલક સુધીનાં ફોલોવર્સ બની ગયા છે. તેમની રિક્ષામાં બેસવા વાળા પેસેન્જર પોતાની સવારીના નહીં પણ તેના પછીના પેસેન્જરનાં પૈસા આપે છે અને તે પૈસા પણ ઉદયભાઈ માગતા નથી પેસેન્જર પોતાના મનથી આપે છે જો કોઈ પેસેન્જર પાસે પૈસા ન હોય તો પણ તે પેસેન્જરને તેની મંજિલ સુધી ઉદયભાઈ પહોંચાડે છે.

- ઉદયભાઈ જાદવ, સિમ્પલી હ્યુમન



## રેપ્યુટેડ કોલેજમાંથી પાસઆઉટ નહતો એટલે સ્ટ્રગલ કરવું પડ્યું હતું

TED ફેલો પ્રાપ્ત કરેલ પુલકિત ગૌરને ઘણાં નેશનલ એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા છે. IITRAMમાં પોતાની વાત રજૂ કરતા તેમણે જણાવ્યું હતું કે 'મારી આસપાસના લોકોના નાના નાના પ્રોબ્લેમ્સને ધ્યાનમાં રાખીને મેં માઈક્રો રોબોટિક્સમાં વધુ કામ કરવાની શરૂઆત કરી જેમાં સામાન્ય ઘરમાં ભરેલી પાણીની ટાંકીમાં પણ રોબોટ ઊતરીને તે પાણીને પ્યોરીફાય કરી શકે તેવા માઈક્રો રોબોટિક્સ ટેક્નોલોજીનો યૂઝ કરીને ઘણી પ્રોબ્લેમ્સ સોલ્વ કરવાનો પ્રયાસ કર્યો છે. તેની સાથે ન્યુક્લિયર પ્લાન્ટ્સમાં પણ ઉપયોગી થઈ શકે તેવા, મેડિકલ સર્જરીમાં ઉપયોગી થાય તેવા, સ્પેસ પ્રોગ્રામમાં પણ ઉપયોગી થઈ શકે તેવી માઈક્રો રોબોટિક્સ ટેક્નોલોજીનું ઈન્વેન્શન કર્યું છે.'

- પુલકિત ગૌર, ઈનોવેટર